શ્રી સી.એન.પી.એફ. આર્ટ્સ એ ન્ડ ડી.એન. સાય ન્સ કોલેજ, ડભોઈ. જિ. વડોદરા
સેમેસ્ટર-૨- ઓબ્જેકટિવ પ્રશ્નો- બી.એ. અર્થશાસ્ત્ર પેપર-૨ કોર સી.સી.૧૧૨
ભારતીય અર્થકારણ-૨ પ્રા.એસ.વી.પટેલ

૧- સરકારની માલિકીના ઉધોગો- ઉધોગની માલિકી અને સંચાલન સરકાર કરે છે.
અ- ખાતાકીય ઉધોગો- સરકાર કેટલાક ઉધોગો પોતાના ખાતા દ્વારા સીધી દેખરેખ હેઠળ ચલાવે છે.એણી આવક અને ખર્ચની જોગવાઈ અંદાજપત્રમાં મૂકવામાં આવે છે.ઉદા. રેલ્વે, તારટપાલ વગેરે.
બ- જાહેર નિગમો- એકમના ઉત્પાદન-વેચાણનો વહીવટ નિગમ દ્વારા સ્વતંત્ર રીતે કરવામાં આવે છે. નિગમની માલિકી કેન્દ્ર કે રાજ્ય સરકારની હોય છે.ઉદા. સ્ટેટ ટ્રા ન્સપોર્ટ, જીવન વીમા નિગમ, રાસાણિક ખાતરોના કારખાના, એરલાઈ ન્સ વગેરે.
ક- સંયુક્ત મૂડી કંપની- સરકારની મૂડી ૫૧ ટકા અને ખાનગી કે વિદેશી મૂડી ૪૯ ટકા દ્વારા જે ઉધોગો સ્થાપવામાં આવે એણે સંયુક્ત મૂડી કંપનીના ઉધોગો કહેવામાં આવે છે. જોકે હવે ક્રમશઃ ખાનગી મૂડીનું પ્રમાણ વધારવામાં આવી રહ્યું છે અને સરકારી મૂડીનું પ્રમાણ ઘટાડવામાં આવી રહ્યું છે. ઉદા. હિ ન્દુસ્તાન મશીન ટુલ્સ, ઈ ન્ડિયન ટેલિફોન, હિ ન્દુસ્તાન સ્ટીલ લિમિટેડ, મોટાભાગની વિદેશી કંપનીઓ વગેરે.
૨- ખાનગી માલિકીના ઉધોગો- જે ઔધોગિક એકમોની માલિકી અને સંચાલન ખાનગી ક્ષેત્ર હસ્તક હોય તેને ખાનગી માલિકીના ઉધોગો કહે છે. ઉદા. સુતરાઉ કાપડની મિલો, બાઈક-સાયકલના ઉધોગો, કારના ઉધોગો, ઈલેક્ટ્રોનિક્સના ઉધોગો વગેરે.
૩- સંયુક્ત ક્ષેત્રના ઉધોગો- લોકોની અને સરકારની મૂડીથી ચાલતા ઉધોગોને સંયુક્ત ક્ષેત્રના ઉધોગો તરીકે ઓળખવામાં આવે છે. જોકે સંચાલનમાં સરકારનું વર્ચસ્વ વિશેષ રહે છે. જાહેર ક્ષેત્રના ઉધોગોમાં ચાલતા ભ્રષ્ટાચાર અને બિનકાર્યક્ષમતા રોકવા સરકાર કેટલાક ઉધોગોમાં લોકોની ભાગીદારી કરે છે. જેણે સંયુકત ક્ષેત્રના ઉધોગો કહે છે.
૪- સહકારી ઉધોગો- જે ઉધોગો લોકો ભેગા મળીને ચલાવે તેણે સહકારી ઉધોગો કહે છે.આ ઉધોગોમાં બધા સભ્યોનું હિત સધાય છે. ઉદા. દૂધ ડેરીઓ, સુગર ફેકટરીઓ, શાકભાજીના ખરીદ-વેચાણ મંડળીઓ વગેરે.
૫- મોટા પાયાના ઉધોગો- કેટલાક ઉધોગો પ્રકૃતિએ એવા હોય છે કે જેમાં પેઢીઓ તથા ઉધોગો વસ્તુઓ અને સેવાઓનું ઉત્પાદન તથા વેચાણ મોટા પાયા પર કરે છે . આવું કરવાથી એમણું ઉત્પાદન ખર્ચ ઓછું આવે છે અને આવક વધુ થાય છે. આવા ઉધોગોને

મોટા પાયા પરના ઉધોગો કહેવામાં આવે છે. આવા ઉધોગો સ્થાપવાથી દેશનો વિકાસ ઝડપથી થાય છે.ઉદા. સ્ટીલ, કાર, રેલ્વે વગેરેના ઉધોગો.

૬- મૂડી પ્રધાન ઉધોગો- જે ઉધોગમાં મૂડીનો વિશેષ અને શ્રમનો ઓછો ઉપયોગ થતો હોય તેને મૂડી પ્રધાન ઉધોગ કહે છે.ઉદા. મોટા પાયા પરના સ્ટીલના ઉધોગો, રાસાણિક ખાતરનાં કારખાનાંઓ, વાહનોના ઉધોગો વગેરે. ખાસ કરીને જ્યાં મૂડી સસ્તી અને વિપુલ હોય તથા શ્રમ મોંઘો અને ઓછો હોય તેવા દેશોમાં મૂડી પ્રધાન ઉધોગો સ્થાપવા જોઈએ.

૭- શ્રમ પ્રધાન ઉધોગો- જે ઉધોગમાં શ્રમનો વિશેષ અને મૂડીનો ઓછો ઉપયોગ થતો હોય તેને શ્રમ પ્રધાન ઉધોગ કહે છે. ઉદા.કાથી, ધાતુ, નેતર ,ચામડાં, માટીનાં વાસણો બનાવવાના ઉધોગો વગેરે. ખાસ કરીને જ્યાં શ્રમ સસ્તો અને વિપુલ હોય તથા મૂડી મોંઘી અને ઓછી હોય તેવા દેશોમાં શ્રમ પ્રધાન ઉધોગો સ્થાપવા જોઈએ.

૮-પાયાના ઉધોગો- લોખંડ, સ્ટીલ, ભારે રસાયણો, વીજળીનાં સાધનો, પેટ્રોલ, કોલસો, એલ્યુમિનિયમ વગેરે વસ્તુઓનું ઉત્પાદન કરતા ઉધોગોને પાયાના ઉધોગો કહે છે. આર્થિક વિકાસનો આધાર આવી જ વસ્તુઓ પર આધારિત હોવાથી આવા ઉધોગોને આર્થિક વિકાસની ચાવી તરીકે ઓળખવામાં આવે છે.

૯- મૂડીગત વસ્તુઓના ઉધોગો- મૂડીગત વસ્તુઓના ઉધોગોને સામાન્ય રીતે યંત્રસામગ્રી તરીકે ઓળખવામાં આવે છે. વપરાશી વસ્તુઓ અને આખરી વસ્તુઓ ઉત્પન્ન કરવા માટે ઉપયોગમાં લેવામાં આવે છે.ઉદા. વીજળીનો બલ્બ બનાવવા જે યંત્ર વપરાય તેને મૂડીગત વસ્તુ કહેવાય. યંત્રો, વાહનો, વીજળી, કોલસો વગેરે ઉધોગો એ મૂડીચીજના ઉધોગો છે.

૧૦- વપરાશી વસ્તુઓના ઉધોગો- જે વસ્તુઓ લોકોની પ્રત્યક્ષ જરૂરિયાતો સંતોષે છે તેવી વસ્તુઓના ઉધોગોને વપરાશી વસ્તુઓના ઉધોગો કહેવામાં આવે છે.ઉદા. કાગળ, ટાંકણી, પેન, સાયકલ, રેડિયો, સાબુ, વગેરે.આ વસ્તુઓ ટકાઉ વપરાશી વસ્તુઓ છે. જ્યારે જે વસ્તુઓ ટૂંકાગાળામાં વપરાશ ન થાય તો તે બગડી જાય છે અથવા જે વસ્તુઓ નાશ પામતી હોય તેણે બિનટકાઉ વસ્તુઓ કહેવામાં આવે છે.ઉદા. દૂધ, ટામેટાં વગેરે.

૧૧- વચગાળાની વસ્તુઓ- વચગાળાની વસ્તુઓ એટલે એવી વસ્તુઓ કે જે કાચા માલ ઉપર પ્રક્રિયા કરીને બનાવવામાં આવે છે, પરંતુ તે આખરી વસ્તુ નથી. ઉદા. તરીકે કપાસમાંથી બનેલું રૂ કે તેમાંથી બનેલા તાર – એ આખરી વસ્તુ નથી. એ તો વચગાળાની વસ્તુ છે કે જે કાપડ કે વસ્ત્ર બનાવવા માટે ઉપયોગમાં લેવામાં આવે છે.

૧૨- નાના પાયાના ઉધોગો- જે સ્વતંત્ર ઔધોગિક એકમમાં સ્થિર મૂડીરોકાણ ૨૫ લાખ રૂપિયાથી વધુ અને ૫ કરોડ રૂપિયા કરતાં ઓછું હોય તેને નાના પાયાના ઉધોગ તરીકે ઓળખવામાં આવે છે. ઉદા. સાયકલ ઉધોગ, ટી.વી. ઉધોગ, યંત્રોના સ્પેરપાર્ટસ બાનવતો ઉધોગ, હીરા ઉધોગ, ચામડું અને ચામડાની બનાવટની વસ્તુઓ, ટૂથપેસ્ટ, ટૂથ પાવડર.
૧૩- ગૃહ ઉધોગ- જે વસ્તુનું ઉત્પાદન જૂની ઉત્પાદન પધ્ધતિએ, જૂની હસ્ત કલાકારીગીરીવાળી, વીજળી વિના, ગામડામાં, કુટુંબના સભ્યો  કે બહારના બે-ત્રણ મજૂરો વડે , સ્થાનિક કાચા માલ વડે થતું હોય, જેણું તૈયાર બજાર પણ સ્થાનિક જ હોય તેને ગૃહ ઉધોગ તરીકે ઓળખવામાં આવે છે.ઉદા. લુહારી કામ, સુથારી કામ, કુંભાર કામ, કાથી કામ વગેરે.

૧૪-વપરાશી વસ્તુઓમાં ઝડપથી વપરાતી વપરાશી વસ્તુઓ(Fast Moving Consumer Goods—FMCG) –
આ વસ્તુઓમાં ગ્રાહકો જે ખાધ ચીજો અને બિનખાધ ચીજો રોજે રોજ વાપરે છે તેમનો સમાવેશ થાય છે. આથી આ વસ્તુઓને વપરાશી પેકેજડ ચીજો( Consumer Packaged Goods--- CPG ) તરીકે પણ ઓળખવામાં આવે છે.  સાબુ, ઠડાં પીણાં, વાળમાં નાખવાનું તેલ વગેરે.
૧૫- ગૃહ અને નાના ઉધોગોમાં રોજગારીનું પ્રમાણ કેવું હોય છે ?
વધારે
૧૬- ગૃહ અને નાના ઉધોગોમાં મૂડીની જરૂર કેવી પડે છે ?
ઓછી
૧૭- ગૃહ અને નાના ઉધોગોમાં પરિપકવતાનો ગાળો કેવો હોય છે ?
ટૂંકો
૧૮- કેપિટલ આઉટપુટ રેશિયો એટલે શું ?
મૂડીનાં એકમો અને પેદાશનાં એકમો વચ્ચેના પ્રમાણાત્મક સબંધને  મૂડીરોકાણ પેદાશ દર કહેવામાં આવે છે.
૧૯- વપરાશી વસ્તુઓનું ઉત્પાદન કરવા ક્યા ઉધોગોની વધારે જરૂર પડે છે ?
ગૃહ અને નાના ઉધોગોની
૨૦- ગૃહ અને નાના ઉધોગોમાં વસ્તુઓનું ઉત્પાદન ખર્ચ કેવું આવે છે ?
ઓછું
૨૧- પાયાના ઉધોગો કોને કહેવાય ?

આર્થિક વિકાસ માટે મહત્વના હોય તેવા ઉધોગોને પાયાના કે ચાવીરૂપ ઉધોગો કહેવામાં આવે છે. ઉદા. સ્ટીલ, કેમિકલ, ભારત હેવી ઈલેકટ્રોનિક્સ, ઈ ન્ડિયન પેટ્રોકેમિક્લ્સ વગેરે.

૨૨- ગ્રામીણ આવકમાં વધારો કરવા ક્યા ઉધોગો સ્થાપવા જોઈએ ?

ગૃહ અને નાના ઉધોગો

૨૩- આવક અને સંપત્તિની અસમાનતા ઘટાડવા ક્યા ઉધોગો સ્થાપવા જોઈએ ?

ગૃહ અને નાના ઉધોગો

૨૪- ગૃહ અને નાના ઉધોગોને ક્યા ઉધોગો સાથે હરિફાઈ કરવી પડે છે ?

મોટા ઉધોગો

૨૫- જૂની કલા કારીગીરીવાળી વસ્તુઓ ક્યા ઉધોગો બનાવે છે ?

ગૃહ અને નાના ઉધોગો

૨૬- ગામડામાંથી શહેરોમાં થતું વસ્તીનું સ્થળાંતર અટકાવવા ક્યા ઉધોગો સ્થાપવા જોઈએ ?

ગૃહ અને નાના ઉધોગો

૨૭- ગૃહ અને નાના ઉધોગોની વસ્તુઓની નિકાસ દ્વારા વિદેશી હૂંડિયામણની કમાણી થાય છે ?

હા

## પ્રકરણ-૨

૨૮- ઈ.સ. ૧૯૪૭ પહેલાં ભારતમાં જાહેર સાહસોની સંખ્યા કેવી હતી ?

અતિ નહિવત (બહુ મર્યાદિત)

૨૯- જાહેર ક્ષેત્રના ઉધોગોના સંચાલનની દ્રષ્ટિએ કેટલા પ્રકાર પાડવામાં આવ્યા છે ?

ચાર

૩૦- ભારતમાં પ્રથમ યોજનાના આરંભે જાહેર સાહસોના ઉધોગોની સંખ્યા કેટલી હતી ?

૦૫

૩૧- ભારતમાં પ્રથમ યોજનાના આરંભે જાહેર સાહસોમાં કેટલું મૂડીરોકાણ  થયું હતું ?

૨૯ કરોડ રૂપિયા

૩૨- ભારતમાં પ્રથમ યોજનામાં કુલ રોકાણમાં જાહેર ક્ષેત્રનો હિસ્સો કેટલા ટકા હતો ?

૧૬ ટકા

૩૩- પ્રજાના કલ્યાણ માટે ક્યા ક્ષેત્રની જરૂર છે ?

જાહેર ક્ષેત્ર

૩૪- મહત્વનાં સાધનોની માલિકી કોણી હોવી જોઈએ ?
રાજ્યની
૩૫- ઉત્પાદનનાં સાધનોનું કેન્દ્રિકરણ અટકાવવા કોણી જરૂર પડે છે ?
જાહેર ક્ષેત્ર
૩૬- જાહેર સાહસોમાં ફાજલ શક્તિ કેવી રહે છે ?
વધુ
૩૭- જાહેર સાહસોમાં જેસ્ટેશન પીરિયડ કેવો હોય છે ?
લાંબો
૩૮- ખાનગીકરણ એટલે શું ?
જે એકમની માલિકી ખાનગી વ્યક્તિની હોય અથવા રાજ્ય સંચાલિત ઉધોગોમાં સંપૂર્ણ અથવા અંશત: ભાગના શેરનું લોકોને વેચાણ થતું હોય તેણે ખાનગીકરણ કહેવામાં આવે છે.
૩૯- ખાનગીકરણ કરવાથી અંદાજપત્ર પરનું ભારણ કેવું થશે ?
ઓછું
૪૦- વધુ પ્રમાણમાં બિનકાર્યક્ષમ ઉધોગો ક્યા ક્ષેત્રમાં છે ?
જાહેર ક્ષેત્રમાં
૪૧- ઔધોગિક વિકાસનો દર ઉંચે લઈ જવા જાહેર ક્ષેત્રની બીજા ક્યા ક્ષેત્રની જરૂર છે ?
ખાનગી ક્ષેત્રની
૪૨- આવક અને સંપત્તિની અસમાનતા વધુ પ્રમાણમાં ક્યા ક્ષેત્રના લીધે થઈ છે ?
ખાનગી ક્ષેત્ર
૪૩- જુલાઈ- ઈ.સ. ૧૯૯૧ પછી ભારતની ઔધોગિક નીતિમાં ક્યા ક્ષેત્રને વધુ પ્રાધાન્ય આપવામાં આવ્યું છે ?
ખાનગી ક્ષેત્ર
૪૪- જાહેર ક્ષેત્રની સાથે હવે ખાનગી ક્ષેત્ર આવવાથી અર્થતંત્રમાં શું આવ્યું છે ?
હરિફાઈ
૪૫- મોટા ભાગનાં ખાનગી ક્ષેત્રો લોકોનું શું કરે છે ?
શોષણ

## પ્રકરણ-૩ સેવાક્ષેત્ર

૪૬- ભારતની રાષ્ટ્રિય આવકમાં ફાળો (હિસ્સો) આપતાં ક્ષેત્રો કેટલાં છે ?
ત્રણ

૪૭- પ્રાથમિક ક્ષેત્રમાં કઈ કઈ બાબતોનો સમાવેશ થાય છે ?
ખેતી, પશુપાલન, જંગલો, મત્સ્યઘોગ, મરઘાં- બતકાં ઉછેર, લાકડાં કાપવાનો વ્યવસાય.
૪૮- માધ્યમિક ક્ષેત્રમાં કઈ કઈ બાબતોનો સમાવેશ થાય છે ?
નાના-મધ્યમ-મોટા ઉધોગો. ખાણ, બાંધકામ, ગેસ પુરવઠો, વીજળી.
૪૯- સેવા ક્ષેત્રમાં કઈ કઈ બાબતોનો સમાવેશ થાય છે ?
વાહન વ્યવહાર, સંદેશા વ્યવહાર, વેપાર વાણિજ્ય, સામાજિક સેવાઓ, હોટલ વ્યવસાય, શિક્ષણ, સ્વાસ્થ્ય, બેંકો, વીમા કંપનીઓ.
૫૦- હાલમાં ભારતની રાષ્ટ્રિય આવકમાં કયા ક્ષેત્રનો ફાળો (હિસ્સો) સૌથી વધુ છે ?
સેવાક્ષેત્રનો
૫૧- હાલમાં ભારતની રાષ્ટ્રિય આવકમાં ક્યા ક્ષેત્રનો ફાળો સૌથી ઓછો છે ?
પ્રાથમિક ક્ષેત્રનો
૫૨- હાલમાં ભારતની રાષ્ટ્રિય આવકમાં પ્રાથમિક ક્ષેત્રનો ફાળો કેટલા ટકા છે ?
૧૯ ટકા
૫૩- હાલમાં ભારતની રાષ્ટ્રિય આવકમાં માધ્યમિક ક્ષેત્રનો ફાળો કેટલા ટકા છે ?
૩૦ ટકા જેટલો
૫૪- હાલમાં ભારતની રાષ્ટ્રિય આવકમાં સેવા ક્ષેત્રનો ફાળો કેટલા ટકા છે ?
૫૧ ટકા જેટલો
૫૫- સેવા ક્ષેત્રના બજારમાં હરિફાઈનું તત્વ કેવું છે ?
વધુ (તીવ્ર)
૫૬- સેવા ક્ષેત્રમાં નવી રોજગારીની તકો પ્રમાણમાં કેવી સર્જાય છે ?
ઓછી
૫૭- સેવા ક્ષેત્રમાં વસ્તુઓનું ખરીદ-વેચાણ કેવી રીતે થાય છે ?
રોકડેથી
૫૮- એકવીસમી સદી શાની હશે ?
નોલેજની
૫૯- ભવિષ્યમાં સેવા ક્ષેત્રના વિકાસની તકો કેવી છે ?
વધુ
૬૦- હાલમાં પ્રાથમિક વિભાગનો રોજગારીમાં ફાળો અંદાજે કેટલા ટકા છે ?
૫૦ ટકા જેટલો

૬૧- હાલમાં માધ્યમિક વિભાગનો રોજગારીમાં ફાળો અંદાજે કેટલા ટકા છે ?
૨૩ ટકા જેટલો
૬૨- હાલમાં સેવા વિભાગનો રોજગારીમાં ફાળો અંદાજે કેટલા ટકા છે ?
૨૭ ટકા જેટલો

## પ્રકરણ-૪ અસંગઠિત ક્ષેત્ર

૬૩- અર્થતંત્રમાં કેટલા પ્રકારનાં ક્ષેત્રો છે ?
બે
૬૪- ખેતી ક્ષેત્રના અસંગઠિત ક્ષેત્રના શ્રમિકોનાં ગમે તે બે લક્ષણો જણાવો.
નીચું સામાજિક સ્થાન, અસંગઠિત શ્રમિકો, નીચા વેતન દર, અજ્ઞાનતા, ગરીબી.
૬૫- ઉધોગ ક્ષેત્રના અસંગઠિત શ્રમિકોનાં ગમે તે બે લક્ષણો જણાવો.
ગરીબી, નબળી આર્થિક સ્થિતિ, નબળી સોદાશક્તિ, એકતાનો અભાવ, વાસ્તવિક વેતનમાં ઘટાડો, શ્રમ ખરીદનારનો ઈજારો.
૬૬- ખેતી ક્ષેત્રના અસંગઠિત શ્રમિકોની આર્થિક સ્થિતિ સુધારવાના ગમે તે બે ઉપાયો વર્ણવો.
લધુત્તમ વેતન ધારો, જમીન સુધારા, વીસ મુદ્દાનો કાર્યક્રમ, ગ્રામ રોજગારીનો કાર્યક્રમ, લધુત્તમ જરૂરિયાતનો કાર્યક્રમ.
૬૭- અસંગઠિત ક્ષેત્રમાં કામ કરતા કામદારોને વેતન પ્રમાણમાં કેવું ચૂકવવામાં આવે છે ?
ઓછું
૬૮- અસંગઠિત ક્ષેત્રમાં કામ કરતા કામદારોની આર્થિક સ્થિતિ કેવી હોય છે ?
નીચી (કથળેલી)
૬૯- અસંગઠિત ક્ષેત્રમાં રોજગારીની કાયમી સલામતી હોય છે ?
ના
૭૦- અસંગઠિત ક્ષેત્રમાં કામદારોનું મંડળ હોય છે ?
ના
૭૧- અસંગઠિત ક્ષેત્રમાં કામના કલાકો કેવા હોય છે ?
વધુ
૭૨- અસંગઠિત ક્ષેત્રમાં કામદારો પાસે કામ કેવું લેવામાં આવે છે ?
વધુ

૭૩- અસંગઠિત ક્ષેત્રમાં કામદારોને સામાજિક સલામતી આપવામાં આવે છે ?

ના